શાહીનબાગમાં પ્રદર્શન કરતી મહિલાઓની આજે ગૃહમંત્રી અમિત શાહ સાથે બેઠક

પ્રદર્શનકારીઓમાં પણ હવે મતભેદો : બપોરે ૨ વાગ્યાની આસપાસ યોજાનાર મિટિંગમાં મહિલાઓ રજૂઆત કરશે

નવીદિલ્હી, તા. ૧૫

સુધારવામાં આવેલા નાગરિક સુધારા કાનૂનની સામે ધરણા પર બેઠેલી શાહીનબાગની મહિલાઓએ ગૃહમંત્રી અમિત શાહ તરફથી વાતચીત માટે મુકવામાં આવેલા પ્રસ્તાવને સ્વીકાર કરી લીધો છે. પ્રદર્શનકારી મહિલાઓનું એક પ્રતિનિધિમંડળ આવતીકાલે રવિવારના દિવસે ગૃહમંત્રીને મળશે. જો કે, આને લઈને હજુ મતભેદો પ્રવર્તી રહ્યા છે. ગૃહમંત્રી અમિત શાહે આજે કહ્યું હતું કે, આગામી ત્રણ દિવસમાં સીએએને લઈને તેમને કોઈ પણ મળી શકે છે. જે કોઈ પણ વ્યક્તિને સીએએને લઈને વાંધો છે તેમની સાથે વાતચીત કરવા માટે તેઓ તૈયાર છે. શાહીનબાગમાં ડિસેમ્બરથી ધરણા પ્રદર્શન પર બેઠેલી મહિલાઓ સીએએની સાથે એનઆરસી અને એનપીઆરનો વિરોધ કરી રહી છે. ગૃહમંત્રીની સાથે મળીને પોતાની રજૂઆત કરવાનો નિર્ણય આ મહિલાઓએ કર્યો છે. આવતીકાલે બપોરે બે વાગે તેમની સાથે વાતચીત થનાર છે. જો કે, આને લઈને દેખાવકારોમાં મતભેદ દેખાઈ રહ્યા છે. એક પક્ષ ગૃહમંત્રી સાથે બેઠક યોજવાની તરફેણમાં છેજ્યારે અન્ય સંગઠન આને લઈને વિરોધમાં છે. આજે આ સંદર્ભમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. શાહીનબાગ વિરોધ પ્રદર્શનને લઈને દેશભરમાં મુખ્ય કેન્દ્રમાં છે. શાહીનબાગમાં ડિસેમ્બર મહિનાથી જ ચક્કાજામ કરવામાં આવ્યા છે. પોલીસ સહિત કોઈને પણ પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવી રહી નથી. પ્રદર્શનકારીઓને દૂર કરવાની માંગ ઉઠી રહી છે. બીજી બાજુ દિલ્હી વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ હવે શાહીનબાગ વિસ્તારને ખાલી કરાવી દેવાને લઈને પણ મામલો ગરમ બની રહ્યો છે. આગામી એક બે દિવસમાં જ આનો નિકાલ લાવવામાં આવે તેવી શક્યતા છે. સુપ્રીમ કોર્ટે પણ જાહેર જગ્યા પર પ્રદર્શન ન કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી છે પરંતુ હજુ સુધી દેખાવકારો શાહીનબાગથી દૂર થયા નથી.

આજે કેજરીવાલની તાજપોશી

દિલ્હીમાં પ્રચંડ જીત સાથે સતત ત્રીજી વખત ધડાકા સાથે સત્તામાં આવેલા મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે આવતીકાલે શપથ લેનાર છે. કેજરીવાલની અગાઉની સરકારમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યા નથી. તમામ સાત પ્રધાનો શપથ લેનાર છે. કોઈના કોઈ પત્તા કપાનાર નથી. મુખ્યપ્રધાન તરીકે સતત ત્રીજી વખત સત્તા સંભાળી લેવા માટે જઈ રહેલા કેજરીવાલ નક્કરપણે માને છે કે જે સરકારના અને મંત્રીના કામ પર તેઓ ફરી ચૂંટાઈને આવ્યા છે તેમને ફરી મંત્રી બનાવવા જોઈએ. આવતીકાલે શપથ લેનાર મંત્રીઓની યાદી રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દને મોકલી દેવામાં આવી છે. મનીષ સિસોદિયા, ગોપાલ રાય, ઈમરાન હુસૈન, સત્યેન્દ્ર જૈન, કૈલાશ ગહેલાત, રાજેન્દ્ર પાલ ગૌતમ પહેલાની સરકારમાં પ્રધાનો હતા અને હજુ રહેશે. તમામ લોકો જાણે છે કે દિલ્હીમાં મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા મહત્તમ સાત હોઈ શકે છે. કેજરીવાલની તાજપોશી માટેની તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે.

શપથવિધી કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યાથી શરૂ કરાશે. દિલ્હીના લોકોને અપીલ કરવામાં આવી છે કે તમામ લોકો શપથ ગ્રહણ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રામ લીલા મેદાન ખાતે પહોંચે. હાલમાં યોજોલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કેજરીવાલની પાર્ટી એએપીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો. આ પાર્ટીએ કુલ ૬૨ સીટો જીતી લીધી હતી. જ્યારે તમામ તાકાત લગાવી દેવામાં આવી હોવા છતાં દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીને માત્ર આઠ સીટ જીતીને સંતોષ માનવાની ફરજ પડી હતી. કોંગ્રેસ પાર્ટીનો તેનુ ખાતુ ખોલવામાં પણ સફળ સાબિત થઈ ન હતી. હવે એએપીનુ દિલ્હીમાં એકતરફી પ્રભુત્વ દેખાઈ રહ્યુ છે.

દિલ્હીમાં આ વખતે કેજરીવાલની પણ જોરદાર રીતે કસૌટી થનાર છે. વર્ષ ૨૦૧૫માં પણ કેજરીવાલે રામલીલા મેદાનમાં જ શપથ લીધા હતા. અત્રે નોંધનીય છે કે, આ વખતે એવું નક્કી કરવામાં આવ્યું છે કે કોઈ અન્ય રાજ્યના મુખ્યમંત્રી અને પાર્ટી અધ્યક્ષોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે પરંતુ મોદી ઉપસ્થિત રહેનાર નથી. કારણ કે, તેઓ પહેલાથી જ વારાણસીના કાર્યક્રમમાં વ્યસ્ત છે. શાહીનબાગ મુદ્દાથી દૂર રહ્યા હોવા છતાં અરવિંદ કેજરીવાલ મુસ્લિમોમાં ચોક્કસપણે લોકપ્રિય થયા છે. કોંગ્રેસના મતો પણ એએપી તરફ ખેંચાયા છે.

ટ્રમ્પની ત્રણ કલાકની યાત્રા પર ૧૦૦ કરોડ ખર્ચ

સલામતી પર ૧૫ કરોડનો ખર્ચ : ફુલ, નૃત્ય અને પેન્ટિંગ પર છ કરોડનો ખર્ચ : ભવ્ય રોડ શો ઉપર રકમ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૫

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્નિ મિલાનિયા ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીના દિવસે ભારતની તેમની પ્રથમ ઐતિહાસિક યાત્રા પર આવી રહ્યા છે. તેમની યાત્રાને લઈને તમામ તૈયારી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ તેમની ભારત યાત્રાની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન રાજ્ય ગુજરાતમાંથી કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં તેઓ કેટલાક કલાક સુધી રોકાનાર છે. અમેરિકી પ્રમુખના સ્વાગત માટે અભૂતપૂર્વ તૈયારી ચાલી રહી છે. ગુજરાતમાં જોરદાર આયોજનને લઈને જંગી રકમ ખર્ચ કરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ ટ્રમ્પ અને મિલાનિયાની ત્રણ કલાકની યાત્રા પર ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. ટ્રમ્પની આ યાત્રા માટે ગુજરાત સરકાર જંગી રકમ ખર્ચ કરી રહી છે. દુનિયાના સૌથી શક્તિશાળી દેશના રાષ્ટ્ર અધ્ક્ષના સ્વાગત માટે અમદાવાદને દુલ્હનની જેમ સાજાવવાની કામગીરી ચાલી રહી છે. ટ્રમ્પની યાત્રા સાથે જોડાયેલા ટોપ લોકોના કહેવા મુજબ આ યાત્રા પર ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. ટ્રમ્પને કોઈ ઝુંપડપટ્ટી ન દેખાય તે માટે પણ ઝુંપડાને ઢાંકી દેવા માટે દિવાળો બનાવવામાં આવી રહી છે. રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણી તરફથી પણ સુચના આપવામાં આવી છે કે સ્વાગતમાં પૈસાની કોઈ કમી રહેવી જોઈએ નહીં. શહેરમાં જુદી જુદી બાબતો પણ જંગી રકમ ખર્ચ કરવામાં આવી રહી છે. ૧૭ માર્ગો પર માટી

અને ડામર નાંખીને નવી પરત બનાવી દેવામાં આવી છે. મોટેરા સ્ટેડિયમનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યા બાદ એરપોર્ટ જવા માટે ૧.૫ કિલોમીટરના માર્ગને નવી રીતે તૈયાર કરવામાં આવી છે. આ માર્ગો પર ૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. ખર્ચનો મોટા ભાગનો હિસ્સો રાજ્ય સરકારને આપવાનો છે.

સુરક્ષા વ્યવસ્થા પર ૧૫ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવનાર છે. મોટેરા સ્ટેડિયમ ખાતે આયોજિત થનાર કેમ છો ટ્રમ્પ કાર્યક્રમમાં એકત્રિત થનાર એક લાખ કરતા વધારે લોકો માટે પરિવહન અને નાસ્તા પર સાતથી દસ કરોડની રકમ ખર્ચ કરવામાં આવનાર છે.તમામ ટોપ અધિકારીઓ મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી આશ્રમની મુલાકાત લઈ ચુક્યા છે. સિનિયર કાઈમ બ્રાંચના અધિકારીઓનું કહેવું છે કે, ફિલ્ડ વિઝિટ કરવામાં આવી ચુકી છે. શહેર પોલીસના સાઈબર સેલ દ્વારા પણ મદદ કરવામાં આવી રહી છે. મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી આશ્રમ ખાતે તમામ સીસીટીવી કેમેરાને વ્યવસ્થિત કરી દેવામાં આવ્યા છે. સીસીટીવી કેમેરાથી ફિડબેક મેળવવા માટે અને વ્યુ જાણવા માટે કન્ટ્રોલ રુમની રચના પણ થઈ ચુકી છે. સુરક્ષા સંસ્થાઓ માત્ર અમદાવાદ શહેર ઉપર ધ્યાન આપી રહી નથી બલ્કે સરહદ ઉપર પણ નજર રાખી રહી છે. મરીન પોલીસ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, નેવીને પણ એલર્ટ રહેવાની સૂચના અપાઈ છે. ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારા પર સુરક્ષા વ્યવસ્થા મજબૂત રખાઈ છે.મોદી અને ટ્રમ્પનો કાફલો જે માર્ગ પરથી પસાર થનાર છે ત્યાં તેમના સ્વાગત માટે હજારોની સંખ્યામાં લોકો પહોંચનાર છે. સુરક્ષા પર ધ્યાન અપાશે

કેમ છો ટ્રમ્પ...

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્નિ મિલાનિયા ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીના દિવસે ભારતની તેમની પ્રથમ ઐતિહાસિક યાત્રા પર આવી રહ્યા છે. તેમની યાત્રાને લઈને તમામ તૈયારી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ તેમની ભારત યાત્રાની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન રાજ્ય ગુજરાતમાંથી કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં તેઓ કેટલાક કલાક સુધી રોકાનાર છે. અમેરિકી પ્રમુખના સ્વાગત માટે અભૂતપૂર્વ તૈયારી ચાલી રહી છે. ગુજરાતમાં જોરદાર આયોજનને લઈને જંગી રકમ ખર્ચ કરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ ટ્રમ્પ અને મિલાનિયાની ત્રણ કલાકની યાત્રા પર ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. ટ્રમ્પની આ યાત્રા માટે ગુજરાત સરકાર જંગી રકમ ખર્ચ કરી રહી છે. દુનિયાના સૌથી શક્તિશાળી દેશના રાષ્ટ્ર અધ્ક્ષના સ્વાગત માટે અમદાવાદને દુલ્હનની જેમ સજાવવાની કામગીરી ચાલી રહી છે. ટ્રમ્પની યાત્રા સાથે જોડાયેલા ટોપ લોકોના કહેવા મુજબ આ યાત્રા પર ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે.

- અમેરિકી પ્રમુખની ત્રણ કલાકની યાત્રા પર ૧૦૦ કરોડનો ખર્ચ કરાશે
- અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની યાત્રા માટે ગુજરાત સરકારે ખજાનો ખોલી દીધો
- માત્ર સુરક્ષા વ્યવસ્થા પર ૧૫ કરોડથી વધુની રકમ ખર્ચ કરવામાં આવનાર છે
- મોટેરા સ્ટેડિયમનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યા બાદ અરપોર્ટ પરત જવાના ૧.૫ કિલોમીટરના માર્ગને નવી રીતે તૈયાર કરાયો છે અને માર્ગોના નિર્માણ પર ૬૦ કરોડનો ખર્ચ કરાશે
- મોટેરામાં આયોજિત થનાર કેમ છો ટ્રમ્પ કાર્યક્રમમાં પહોંચનાર એક લાખ કરતા વધારે લોકોના પરિવહન અને નાસ્તા પર ૧૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરાશે
- ફુલ, પેન્ટિંગ અને ડાન્સ સંગીત કાર્યક્રમ પર છ કરોડ ખર્ચાશે
- અમદાવાદ મોટેરા સ્ટેડિયમમાં અલગ અલગ એન્ટ્રી માટે મહેમાનો માટે પણ જુદી જુદી વ્યવસ્થા થઈ
- પ્લેટિનમ, વીવીઆઈપી અને ગોલ્ડ એમ ત્રણ કેટેગરીમાં મહેમાનો માટે વ્યવસ્થા
- પ્લેટિનમ મહેમાનો માટે ૧૫૦૦ પાસ જારી કરવામાં આવનાર છે
- ટોપ કોર્પોરેટ વડા અને જાણિતી રમત-ગમતની હસ્તીઓ તથા દેશની જુદી જુદી હસ્તીઓ અને પ્રોફેશનલો માટે આમંત્રણ સાથે પાસ અપાયા છે

અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિર નિર્માણનું કામ તીવ્ર

મંદિરના એક હિસ્સાને આ વર્ષે તમામ શ્રદ્ધાળુ માટે ખોલી દેવાશે : બાકીના હિસ્સા પર ૨૦૨૨ સુધી બહાલી મળશે

નવી દિલ્હી, તા. ૧૫

સંયુક્ત અરબ અમિરાતના પાટનગર અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિરના નિર્માણની કામગીરી ઝડપથી ચાલી રહી છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ તબક્કાને પાર કરી લેવામાં સફળતા મળી છે.

અધિકારીઓએ કહ્યું છે કે, અહીં તેમની નીવને પ્રથમ વખત કોંક્રિટથી ભરવાનું કામ પૂર્ણ થઈ ચુક્યું છે. મોદીએ ૨૦૧૮માં દુબઈના પ્રવાસ દરમિયાન ત્યાંના ઓપેરા હાઉસથી વિડિયો કોન્ફરન્સિંગ મારફતે બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા મંદિરની આધારશીલા મુકી હતી. નિર્માણ સ્થળ પર મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાઓ સાથે થઈ હતી ત્યારબાદ મંદિરની નીવમાં ફ્લાયએસ કોંક્રિટ ભરવાનું કામ થયું હતું. નીવમાં એક જ વખતમાં ત્રણ હજાર ઘનમીટર કોંક્રિટ મિશ્રણ ભરવામાં આવ્યું હતું. મંદિર નિર્માણની કામગીરીને આ વર્ષમાં જ પૂર્ણ કરી લેવામાં આવે તેવી શક્યતા છે. અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિરના નિર્માણને લઈને ઉત્સુકતા વધી ગઈ છે. યુએઈમાં ભારતના રાજદૂત પવનકપૂર અને દુબઈમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંદિરની અનોખી નીવ ભરવાની કામગીરી શરૂ થઈ ચુકી છે. ભગવાનની કૃપાથી સમુદાયના પૂર્ણ સમર્થન સાથે આ કામ પૂર્ણ થશે. આ મંદિરનું નિર્માણ કામ આ વર્ષે જ પૂર્ણ કરી લેવાની યોજના છે. આને લઈને કેટલાક હિસ્સાને આ વર્ષે જ શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવામાં આવશે પરંતુ બાકીના તમામ હિસ્સા પર લોકોની એન્ટ્રી ૨૦૨૨ સુધી પૂર્ણ થઈ શકશે.

એલઆરડી અનામતનો મામલો હજુ યથાવત

આંદોલન તોડવાના પ્રયાસો ચાલી રહ્યા છે : બાંભણિયા

ગાંધીનગર,તા. ૧૫

એલઆરડી ભરતીને કારણે અનામત પરિપત્ર મુદ્દે શરૂ થયેલો વિવાદ હજુ પણ શમવાનું નામ લેતો નથી. બે દિવસથી સતત મુખ્યમંત્રીના નિવાસસ્થાને બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આજે પણ બેઠકોનો દોર જારી રહ્યો હતો. સાનુકુળ ઉકેલ લાવવાના મુદ્દા પર ચર્ચા કરી હતી. બિન અનામત વર્ગની માંગણીઓ મામલે તેમના આગેવાનો અને સરકાર વચ્ચે બેઠક યોજાયા બાદ તેના અનુસંધાનમાં ગઈકાલે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રૂબરૂ મળી, બિન અનામત વર્ગના આગેવાનોની રજૂઆત અને અન્ય કાયદાકીય તેમ જ બંધારણીય મુદ્દાઓ ઉપરાંત સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાઓ સહિત તમામ મુદ્દે તેમને વાકેફ કર્યા હતા અને સમગ્ર પરિસ્થિતિનો વિગતવાર ચિતાર આપ્યો હતો. દરમ્યાન આજે ફરી એકવાર નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સહિતના મહાનુભાવો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આ મામલે મળ્યા હતા અને તમામ પાસાઓ પર આ સંવેદનશીલ મુદ્દા પરત્વે ચર્ચા વિચારણા કરી હતી. દરમ્યાન ભાજપના નેતા વરૂણ પટેલે ગણતરીના કલાકોમાં જ આ મામલામાં કોઈ સુખદ અને સમાધાનકારી ઉકેલ આવી જવાની આશા વ્યકત કરી હતી. બીજીબાજુ, ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે અનામત વર્ગની બહેનો, બિન અનામતવર્ગની બહેનો અને આદિવાસી સમાજના આંદોલનો ગરમાયા હતા. તેઓએ વધુ મક્કમતા સાથે પોતપોતાની માંગણી રજૂ કરી સરકારને ઝડપથી સમગ્ર મામલે સ્થિતિ સ્પષ્ટ કરવા ચીમકી ઉચ્ચારી હતી. ગુજરાત સરકારે મહિલા અનામત મુદ્દે તા.૧ ઓગસ્ટ, ૨૦૧૮નો ઠરાવ સુધારવાની જાહેરાત કર્યા બાદ બિન અનામત વર્ગની ૨૫૦થી વધુ મહિલાઓએ ગાંધીનગરમાં આંદોલન શરૂ કર્યું છે. ઠરાવમાં સુધારો કરવાના સરકારના નિર્ણયનો વિરોધ કરતી આ મહિલાઓએ બુધવારે ગાંધીનગરમાં જ ઠરાવ રદ કરવાની માગણી સાથે ૬૬ દિવસથી આંદોલન પર ઉતરેલી મહિલાઓની છાવણી સામે રસ્તા પર બેસી સરકારી નિર્ણયનો વિરોધ શરૂ કર્યો છે. તેમનાં સમર્થનમાં પાસ નેતા દિનેશ બાંભણિયા, એસપીજી પ્રમુખ લાલજી પટેલ અને કરણીસેનાના પ્રમુખ રાજ શેખાવત સહિતનાં આગેવાનો પણ મેદાનમાં ઉતરી આવ્યા છે. તા. ૧ ઓગસ્ટ, ૨૦૧૮નાં જીઆર મુજબ અનામત કેટેગરીની મહિલા ઉમેદવારોને જનરલ મેરિટમાંથી બાદ કરવામાં આવી છે. જેની સામે લગભગ ૬૬ દિવસથી અનામત વર્ગની ૧૦૦થી પણ વધુ મહિલાઓ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં કરી રહી છે. બીજી તરફ બિનઅનામત કેટેગરીની મહિલા ઉમેદવારો ગાંધીનગર ઉમટી પડી છે અને ધરણાં પર બેસી ધામા નાંખ્યા છે. જેને લઈ હવે બંને પક્ષે રાજકારણ ગરમાયું છે. દરમિયાન સરકારે મોડી રાત્રે બંને પક્ષોને મળવા બોલાવ્યા હોવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરિપત્ર અને અન્ય મુદ્દા પર ચર્ચા થશે. પ્રતિનિધિઓ તરફથી પોતપોતાની રજૂઆતો કરવામાં આવશે.

એલઆરડી પરિપત્રના વિવાદમાં ત્રણ દિવસ બાદ પણ રાજય સરકાર તરફથી કોઈ નિર્ણય કે સ્પષ્ટતા નહી કરાતાં બિન અનામત વર્ગના નેતા દિનેશ બાંભણીયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકાર અમારા આંદોલનને ખતમ કરવા માંગે છે પરંતુ અમે સરકારને સ્પષ્ટ રીતે ચેતવણી આપી દેવા માંગીએ છીએ કે, અમારું આંદોલન યથાવત્ છે અને આગામી દિવસોમાં પણ અમે આક્રમક કાર્યક્રમો આપીશું. સરકાર શાંત એવા બિન અનામત વર્ગની પરીક્ષા ના લે. સરકાર અમને સાંભળ્યા વિના કે વિશ્વાસમાં લીધા વિના કોઈ નિર્ણય ના લે, નહી તો સરકારને તેના પરિણામો ભોગવવા પડશે. બાંભણીયાએ બિન અનામત વર્ગની બહેનોને અન્યાય કરવાનો સરકારનો પ્રયાસ થઈ રહ્યો છે. સરકાર શા માટે અમરાથી સાથે વાતચીત કરવામાં વિલંબ કરે છે તે સમજાતું નથી. ઈડબલ્યુએસની દિકરીઓને મહિલા અનામતનો લાભ આપવાનું સ્પષ્ટ હોવાછતાં તે જોગવાઈને વેબસાઈટ પરથી તંત્રએ હટાવી દીધુ છે. સરકાર અને તેમના અધિકારીઓ રાજકીય દબાણમાં બિન અનામત વર્ગના લોકોને અન્યાય કરવા જઈ રહ્યા છે. મુખ્યમંત્રીએ તાત્કાલિક અમારી સાથે બેસીને વાતચીત કરી સમગ્ર મામલે સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. સરકાર અમારી પર હાથ ફેરવીને અમને ઉંધા રસ્તે ગેરમાર્ગે દોરી કાયદાકીય ગૂંચમાં ફસાવવાના કારસા રચી રહી છે ત્યાર મુખ્યમંત્રીએ ન્યાયી અને તટસ્થાપૂર્વક નિર્ણય લેવો જોઈએ. ગુજરાતમાં રાજનીતિનું રાજકારણ થઈ રહ્યું છે. મુખ્યમંત્રીએ ઉતાવળે કેમ જાહેરાત કરી દીધી કે, તા.૧-૮-૨૦૧૮નો પરિપત્ર રદ કરીશું, તેવી જાહેરાત કરવાની ન હતી, આમ, મુખ્યમંત્રીએ બધુ જાણતાં હોવાછતાં રાજકીય દબાણમાં એક વર્ગને ન્યાય આપવામાં બીજા વર્ગોને અન્યાય કરવાનું કૃત્ય કર્યું છે પરંતુ અમે તે સાંખી લઈશું નહી.

રંગ-ઉમંગ ● ચોથા પાનાનું ચાલુ

પાસે અપેક્ષા રાખશો તો તે અપેક્ષા ક્યારેય ફળીભૂત થવાની નથી. તમે બાળક કે શાળાને જેટલો સહયોગ આપશો તેટલો સહયોગ તમને મળશે. આમ પહેલાં તમે સુધરો પછી બાળક કે શિક્ષકને સુધારો. તમારી ચિંતા અસ્તાને નથી હોતી, પણ તે ચિંતા દૂર કરવાના ઉપાયો અસ્થાને હોય છે. હા... કેટલાક વાલી ખૂબ જ સમજું હોય છે, તેમના ઉપાયો પણ સુચારું હોય છે. આવા વાલી પાસેથી અન્ય વાલીઓએ પ્રેરણા લેવી જોઈએ.

દરેક વાલીઓ અવારનવાર શાળામાં જવું જોઈએ. શિક્ષકો પાસે હકારાત્મક વર્તન દાખવીને માર્ગદર્શન માંગવું જોઈએ. સાથે શિક્ષકોના સૂચનનો પ્રેમપૂર્વક સ્વિકાર પણ કરવો જોઈએ. શિક્ષક સામે કડવા બનીને લડવાનો પ્રયત્ન કરો. જરૂર જણાયે તમારા બાળકની હકારાત્મક કે નકારાત્મક બાબતોથી શિક્ષકને પરિચિત કરો. યોગ્ય સૂચનો પણ કરી શકાય. બે હાથે તાળી પાડવાનો પ્રયત્ન જ સફળતા અપાવશે.

અંતે, તમે તમારી જાતને પ્રશ્ન પૂછો કે તમે સાચાં અર્થમાં વાલીની ભૂમિકા સારી રીતે ભજવો છો? પહેલાં તમે તમારી ભૂમિકા ભજવો પછી બીજા પાસે અપેક્ષા રાખશો તો સરળતાથી અપેક્ષા પૂર્ણ થશે. શાળામાં વાલી મીટીંગમાં હાજરી આપવી એટલું જ પૂરતું નથી. મીટીંગમાં જાઓ, જૂઓ, જાણો અને પરિવર્તનની શરુઆત તમારાથી, તમારા ઘરના વાતાવરણથી કરો.

લોકાર્પણ કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપરત કરશે. આ ઉપરાંત વારાણસી હિન્દુ યુનિવર્સિટીમાં ૭૪ બેડની એક હોસ્પિટલનું પણ અનાવરણ કરશે. મોદીના જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મોદી બે દિવસીય કાશી એક રુપ અનેક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. અહીં અમેરિકા અને બ્રિટન સહિત જુદા જુદા દેશોના કલાકારો અને ખરીદદારો સાથે વાતચીત કરનાર છે. ઉત્તરપ્રદેશના ૧૦૦થી વધારે કલાકારો આ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. ગુણવત્તાને સુધારવાના પ્રયાસો યુદ્ધના ધોરણે થઈ રહ્યા છે. બીજી બાજુ પંડિત દિનદયાળ ઉપાધ્યાય સ્મારક કેન્દ્ર રાષ્ટ્રને સમર્પિત કરે. પંડિત દિન દયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું પણ અનાવરણ કરશે જે દેશમાં તેમની સૌથી મોટી પ્રતિમા છે. ૨૦૦થી વધારે શિલ્પકારોએ એક વર્ષ સુધી દિનરાત કામ કરીને આ પ્રતિમાને પૂર્ણ કરી છે.

આ સ્મારક કેન્દ્રમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયના જીવન સંબંધિત માહિતી રહેશે. ઓરિસ્સાના આશરે ૩૦ શિલ્પકારો અને અન્ય કલાકારોએ મળીને છેલ્લા વર્ષ દરમિયાન આ કામગીરીને પાર પાડી છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ આને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવી ચુકી છે. મોદી દ્વારા લાંબા ગાળા બાદ પોતાના મતવિસ્તારની મુલાકાત લેવામાં આવી રહી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં હાલમાં ભારતીય જનતા પાર્ટીના તમામ લોકો વ્યસ્ત રહ્યા હતા. વડાપ્રધાન મોદી પણ આમા વ્યસ્ત રહ્યા હતા. દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામ પાર્ટીની વિરુદ્ધમાં આવ્યા બાદ પાર્ટીમાં પ્રવર્તી રહેલી હતાશાને દૂર કરવા માટે પણ મોદી આવતીકાલે સભામાં કોઈ વાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ ઉપરાંત કાલના કાર્યક્રમમાં મોદી જગતગુરુ વિશ્વરાધ્ય ગુરુકુળના શતાબ્દી કાર્યક્રમમાં પણ હાજરી આપશે. સિદ્ધાંત શિખામણી ગ્રંથના ૧૯ ભાષાઓમાં અનુવાદ અને મોબાઈલ એપનું પણ વિમોચન કરનાર છે. મોદીની હાજરી વેળા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ તેમની સાથે રહેશે.

લોભામણી વાતો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે ત્યારે સરકાર પણ ધીમી ગતિએ આગળ વધી રહી છે.

જો કે પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે છ જેટલી ગ્રામ પંચાયતોએ ભળવાનો ઈન્કાર કરતા પ્રસ્તાવ પસાર કરી દીધા છે.

તો મનપાનુ તંત્ર પણ "ટેક્ષ હોલી ડે"ની દરખાસ્ત તૈયાર કરી સરકારના ઈશારે રાજકીય કૂકડી મારવા માંગતી હોય તેવી વાતને લઈ રાજકીય ગરમાવો જિલ્લામાં વધી જવા પામ્યો છે. ગાંધીનગર મનપાની રચના થઈ તેના પ્રથમ વર્ષે જ મિલ્કતવેરો અને સફાઈવેરો લાદવામાં આવ્યો હતો. તે વખતે શહેરીજનોએ ટેક્ષ હોલી ડે ની વાત કરી હતી પરંતુ સરકારે અને સત્તાધીશોએ તે ટાળી દીધી હતી. ટેક્ષ હોલી ડે નવા વિસ્તારોને આપવાની વાતને લઈ હવે શહેરીજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

નવી લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. સેકટરમાં વંદે માતરમ પાર્ક પાસે તંત્ર દ્વારા નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. જેના લીધે આગામી દિવસોમાં આ વિસ્તારમાં હવે ગટર લાઈનની સમસ્યા હલ થશે. જયારે આ ઉપરાંત અન્ય સેકટરોમાં પણ આ પ્રકારે નવી લાઈન નાંખવામાં આવશે. જેથી સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાને ડામી શકાય જો કે સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે પરંતુ આ પ્રોજેકટ પુર્ણ થાય ત્યાં સુધી પણ ફરિયાદોનો ઝડપી નિકાલ આવે તેવા પ્રયાસો હાથ ધરાયા છે.

અટકાવાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલે મહિલા ઉમેદવારો પરત બેસી ગઈ હતી. સત્યાગ્રહ છાવણી ખાતે અનામત વર્ગની બહેનોના સમર્થનમાં નૌશાદ સોલંકી, ચંદનજી ઠાકોર, અને રૂત્વીજ મકવાણાએ ૭૨ કલાકના ઉપવાસ કર્યા હતા.જેમાં રૂત્વીજ મકવાણાએ પોતાના ઉપવાસ ચાલુ રાખ્યા છે. જયારે ધંધુકાના ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલે પમણ ઉપવાસનો પ્રારંભ કર્યો છે.

નંબર પ્લેટ નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધપાત્ર છે. જયારે એચ એસ આર પી નંબર પ્લેટ ફરજિયાત કરવામાં આવ્યા બાદ સરકાર દ્વારા પણ બે થી ત્રણવાર વાહનચાલકોને ધ્યાને લઈ મુદત લંબાવામાં આવી છે. ટ્રાફિક નિયમનના કડક અમલની જાહેરાતના અંતે નગર